

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*સત્તાને પદ માટે સંધાય છે સ્વાર્થના સંબંધ,*
*નાચે ને મારે ગૂલાંટો માંકડાં, 'ખાવાથી' સંબંધ!*
*વાંકા-ચૂકાં, છાના-છપના બંધાય આડા-સંબંધ,*
*દેખાય તો 'હાથી દાંત' હોય છે દંભના સંબંધ...*

હાઈકુ

*તકલાદી ને*
*હોય ક્ષણ-ભંગુર -*
*દેખાય 'ગાઢ...!'*
*(સ્વાર્થના સંબંધ)*

*ઊંચે ચઢવા -*
*થાય છે ઉપયોગી -*
*સ્વાર્થની સીડી!*
*(ગરજના સંબંધો)*

### ચિંતન

*ધીક્જીવીતં યોધમર્વજિતસ્ય, ધીક જીવિતં જ્ઞાતિ પરાજિતસ્ય ।*
*ધીગ્જીવિતં વ્યર્થ મનોરથસ્ય, ધીગ્જીવિતં શાસ્ત્ર કલોજિઝતસ્ય ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જીવન કેવું - કેવી રીતે જીવવું જોઈએ તેનું માર્ગદર્શન અહીં આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

કેટલાક જીવો એવા હોય છે કે જે વારસામાં મેળવી સંપત્તિ પર જ જીવી જાય છે. જાતે કંઈ જ ઉદ્યમ - પરિશ્રમ કરતા નથી. અને એવા ધંધા કરે કે જેમાં આવક કરતાં ખોટ વધારે હોય. આવા ઉદ્યમ વિનાના યુવાનનું જીવન ધિક્કારરુપ છે.

વ્યક્તનું ઓછામાં ઓછું પોતાના સમાજમાં તો સન્માનપૂર્વકનું સ્થાન હોવું જોઈએ, પોતાની જ્ઞાતિમાં રિવાજ, સંબંધો, મર્યાદાઓ, નિયમોના પાલનથી જ્ઞાતિમાં વ્યક્તિ સન્માનીય બને છે. કેટલાક સંપત્તિના અભિમાનમાં જ્ઞાતિને અવગણે છે. ખરેખર આપત્તિમાં પોતાનો સમાજ જ કામ આવે છે.

### સુવિચાર

- મુઝે બહુત કુછ પઢના હૈ, કુછ કિતાબેં, કુછ લોગ, કુછ આંખે - **બાદશાહ યુનુસ**
- કોઈ પણ કામ હોય કે પછી સંબંધોની જાળવણી હોય, જો તમારું એ બાબતમાં એકસો ટકા યોગદાન હશે તો તમે ઘસઘસાટ ઊંઘી શકશો
  નહીતર શંકાશીલ બનીને પડખા જ બદલ્યા કરશો - **શૈલેષ સગપરિયા**
- બીજાની વાતો કરવી એ જ અમુકની મંઝિલ છે, ડીગ્રી વગર પણ ઘણાં અહીં વકીલ છે - **હર્ષ બ્રહ્મભટ્ટ**
- ચર્મચક્ષુનું દાન કરી શકાય, 'અંતરચક્ષુ બક્ષી' શકાય? - **બોધિવૃક્ષ**
- સંબંધ તો એવા જ સારા જેમાં હક પણ ન હોય અને કોઈ શક પણ નહોય - **જીવન પાથેય**
- સુખ નામનો પદાર્થ જ નથી આઠે બ્રહ્માંડમાં, આવી વાત ઈ જાણતો નથી ઈ જ એનું સુખ - **રમેશ પારેખ**
- આજનું ઔષધ : પારીજાતના ફુલોને મધસાથે વાટી બે ચમચી સવાર-સાંજ ચાટવાથી સુકી ખાંસી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પવિત્ર આત્મા ધરાવતા સાચા સંત હોડીમાં બેસીને ગંગા નદી પાર કરી રહ્યા હતા. નાવિકે નશો કર્યો હતો. સંતે એને નશો ન કરવા સમજાવ્યો. નાવિક સંતની વાત સાંભળી સંતનું બાવડુ પકડીને કહ્યું, 'અમને ઉપદેશ ન આપો. નહીં તો તમને ગંગામાં ફેંકી દઈશ.' સંતનું અપમાન કર્યુ અને આકાશવાણી થઈ કે 'હવે આ નાવ ગંગામાં ડૂબી જશે.' પછી નાવ ખરેખર ડગમગવા લાગી. અને નાવિકે નાવ પર નિયંત્રણ ગુમાવ્યું. સંતે એ જ વખતે ભગવાનને પ્રાર્થના કરી કે 'હે ભગવાન આપ તો ખરા છો, આ નાવિક નશામાં છે. તેણે બુદ્ધિ અને વિવેક ગુમાવ્યા છે. આ નાવ જ તેના અને તેના પરિવાર માટે એક માત્ર આજીવિકાનું સાધન છે. જો એ ડૂબી જશે તે તેનો પરિવાર ભૂખ્યો મરશે. એટલે એ નાવિકને ક્ષમા કરો.' તરત ફરીથી આકાશવાણી થઈ, 'તો હવે તમે જ કહો કે આપનું અપમાન કરવા બદલ આ આ નાવિકને શું સજા આપવી ?' સંતે કહ્યું, 'તમે તો સક્ષમ, દયાળુ અને દરેક જીવમાત્રનું કલ્યાણ કરનાર છો. પ્રભુ તમે એટલું તો કરો કે એના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ ભરી દો. જેથી એની બુદ્ધિ સુધરી જાય. એ નશો અને ક્રોધ છોડી સજ્જન માણસ બની જાય. તરત જ હાલકડોલક થતી નાવ સ્થિર થઈ ગઈ. અપમાનિત કરવા છતાં તેનું ભલું ઈચ્છનારા સંતની આવી વાણી સાંભળીને નાવિક ખૂબ ગદ્ગદ થઈ ગયો. દરમિયાન નૌકા ગંગાના સામા કિનારે પહોંચી ચુકી હતી. નાવિકે સંતની માફી માગી અને ફરીથી આવું ન કરવાની ખાતરી આપી.'

# ફરી માથું ઊંચકી રહ્યો છે કાળમુખો કોરોના

**તંત્રીસ્થાનેથી...**

દેશ આઝાદીની પંચોતેરમી વર્ષગાંઠની ઉજવણીમાં પડ્યો છે અને વડાપ્રધાન 'આત્મનિર્ભર ભારત'નું એમનું સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ થયા છે તથા દેશની જુવાનીને આહ્વાન કરી જગાડી રહ્યા છે ત્યારે વખત પૂરતો સુષુપ્તાવસ્થામાં સરી ગયેલો નરભક્ષક કોરોના આળસ મરડીને બેઠો થઈ રહ્યો છે. છેલ્લા થોડાક દિવસોથી સંક્રમણના જે આંકડા અધિકૃત રીતે બહાર આવી રહ્યા છે તે ચિંતાજનક છે. આખું વરસ કોરોનાની ધાકમાં ને ધાકમાં મરવા વાંકે જીવ્યા જેવી પરિસ્થિતિમાં પસાર કર્યા પછી કોરોનાનો કોપ શાંત પડ્યો હોવાના સગડ મળ્યા માડ્યાં હતા. દેશ આખામાં વ્યાપક રસીકરણ ઝુંબેશ પણ આરંભાઈ હતી. રસીકરણની ઢાલ મળતાં પ્રજાજનો 'હવે તો કોરોના ગયો' - એવા ખ્યાલોમાં રાચતાં થઈ ગયાં હતા. લગભગ જીવન પૂર્વવત્ ધબકતું થઈ ગયું હતું અને લાખ સૂચનાઓ છતાં લોકોએ કોરોના પ્રોટોકોલ સમા પ્રસ્થાપિત નિયમોની ધરાર અવગણના કરીને ટોળે વળવા માંડ્યું હતું. બજારોમાં લગ્નસરાની ભીડ, સામાજિક પ્રસંગોમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટંસના ધજાગરા અને એ જ જૂની રફતાર : રાત્રી બજાર, મહેફિલો... ત્યાં વચ્ચે મહાનગરપાલિકાઓની, નગરપાલિકાઓ અને જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીનું પર્વ આવી ગયું. નેતાઓ જ રેલીઓ કાઢતા થાય ત્યાં ઉત્સવ ઘેલી પ્રજા થોડી ઘરમાં બેસી રહે? દેશનાં જે ચાર રાજયોમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે એમાં ગુજરાત પણ સામેલ છે. ખુદ મુખ્યમંત્રીશ્રી ચૂંટણીપર્વ દરમિયાન જ કોરોના પોઝિટિવ થયા હતા તે જ શું સૂચક નથી ? ગુજરાત કરતાં અનેકગણી વધારે ખરાબ પરિસ્થિતિ પાડોશી રાજય મહારાષ્ટ્રની છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકાર શરૂથી કોરોના કેસીની સંખ્યામાં અવ્વલ રહ્યું છે. નાગપુર, અકોલા, પરભણી પછી પંડિતોના શહેર પુણેને ઝપેટમાં લેનારા કોરોનાએ મુંબઈના બોલીવુડ વર્તુળોમાં પણ ચિંતાજનક પગપેસારો કર્યો છે. નાગપુર વગેરે શહેરોમાં એકાદ અઠવાડિયાનું લોકડાઉન જારી કરાયું છે. તો પુણેમાં ૩૧ માર્ચ સુધી નાઈટ કરફ્યુ નંખાયો છે. ઉદ્ધવ ઠાકરેએ અન્ય શહેરોમાં જરૂર પડ્યે લોકડાઉન નાખવાની તૈયારી રાખી છે.

'સોશિયલ ડિસ્ટંસ' માત્ર એક સિદ્ધાંત બનીને રહી ગયેલ છે. આપણી પ્રજા એવું અંતર જાળવવા ટેવાયેલી જ નથી. બુકાની બાંધીને ફરતાં એને ફાવતું નથી. વડાપ્રધાને છેલ્લે આપેલ સૂત્ર 'દવાઈ ભી ઔર કડાઈ ભી' માં કડાઈ-કડકાઈ તો કોઈને પાળવી ગમતી જ નથી. સેનિટાઈઝરની બોટલો અદૃશ્ય થઈ ગઈ છે અને દંડની ધાક સિવાય પ્રજાને માસ્ક લગાવી ફરવાનું ગમતું જ નથી. માસ્ક પહેરે છે તો પણ ફક્ત 'આચાર' પૂરતો. મોઢા પર કે એથી નીચે દાઢી તળે લટકતો રહે એ રીતે! હકીકતમાં મોં જ નહીં, ખાસ તો નાક ઢાંકવાનું હોય, જે વાઈરસ માટેનું સૌથી સહેલું પ્રવેશદ્વાર બની રહે છે. ભારતની ૯૫ ટકા પ્રજાએ આ વૈજ્ઞાનિક અભિગમની કાં તો જાણ નથી અથવા જાણ હોવા છતાં એનો અમલ કરવાની દાનત નથી.

કોરોનાનો બીજો દોર શરૂ થયો છે ત્યારે જ એને ડામી દેવાની જરૂર છે. વળી જો યુરોપિયન સ્ટ્રેન વાળો કોરના ભરડો લેશે તો પહેલા દોર કરતાં પણ વધુ ખતરનાક સ્થિતિ પ્રવર્તી શકે છે. લાંબા લૉકડાઉનની નકારાત્મક અસરો દેશ ભોગવી ચૂક્યો છે. એટલે સરકાર આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પાછળ ધ્યાન કેન્દ્રિત કરવા કરતાં કોરોના હટાવો ઝુંબેશ પાછળ ગંભીરતાપૂર્વક ધ્યાન આપે તે જરૂરી છે.

# વર્ક ફ્રોમ હોમ એટલે શું ?



**સહેજ મલકીએ!**

અનંત પટેલ

કોરોનાએ સમગ્ર વિશ્વને એક નવીન ભેટ આપી છે...'વર્ક ફ્રોમ હોમ'

આ વાક્યનો સીધો અર્થ એવો થાય કે ઘેર બેઠાં કામ કરવું. જો કોરોના આવ્યો ન હોત તો આ શબ્દનો અર્થ જૂદી જૂદી વ્યક્તિઓ જૂદી જૂદી રીતે કરત. કોઈ કહેત કે, --- ઘેર બેઠાં કરાતું ઘરનું કામ અથવા તો પારિવારિક કામ.

- ઘરે બેઠાં કરાતું ગૃહ ઉધોગનું કામ જે મોટે ભાગે મહિલાઓ જ કરતી હોય છે.
- ઘરેથી કોઈએ તમને પૂર્ણ (કમ્પ્લીટ ) કરીને મોકલેલ કામ.
- ઘરેથી કોઈએ (મોટે ભાગે પત્નીએ જ સ્તો..) તમને ઓફિસેથી વળતાં ઘરે જતી વખતે પતાવતાં જવાનાં સોંપેલાં કામ ( શાક લેતા જવું, બાળકોની સ્કૂલની ફી ભરતા જવું વગેર વગેરે )
- ઘરે બેઠાં બેઠાં થાય એવું જ કામ એટલે કે એવું કામ જે તમે ઓફિસમાં બેઠાં બેઠાં ના કરી શકો તે.
- ઘરે બેઠાં બેઠાં ઓફિસનું કામ કરવું એવો અર્થ તો કરાય જ કઈ રીતે ? ઓફિસની ફાઈલ કોઈ દિવસ ઘેર લઈ જતા'તા ખરા ? અને લઈ ગ્યા હોવ તો એવીને એવી પાછીજ લાવતા'તા ને ?
- ખબર છે ? કેટલાક અધિકારીઓ તો એવી શેખી ય મારતા હોય છે કે ભઈ અમે તો કદીય ઓફિસનું કામ ઘેર લઈ જ જતા નથી...જેટલું થાય એટલું ઓફિસમાં જ કરવાનું.. ઘેર શું કામ કામ લઈ જવાનું ?

હવે બીજી એક આડ વાત કરી લઉં...ઓફિસમાં બેઠાં બેઠાં ઘણાં બધાં કામ એવાં છે જે તમે ઘરેથી કરી શકો જ નહિ જેમ કે,

- સખિ કે સખા સાથે ફોન પર વાત કરવી, --- ઓફિસમાંથી ગુલ્લી મારી ક્યાંક કલાક બે કલાક ફરી આવવું...
- ફોન ઉપર મોટેથી વાતો કરવી, જેવી (રફ એન્ડ ટફ ) તેવી ભાષા બોલવી...

હવે આ વર્ક ફ્રોમ હોમની કોરોનાએ આપેલી ભેટ ઘણી બધી માનવંતી ગૃહિણિઓને લાબે ગાળે કદાચ અનુકૂળ નથી આવતી એવું પણ અનુભવાવા લાગ્યું છે. બહેનોના મનમાં આવા બળાપા થતા રહે છે,

- 'સ્કૂલો બંધ છે તે આ છોકરાં ય ભૈશાબ ઘેરનાં ઘેર , હું તો હવે કંટાળી ગઈ છું...
- 'આ એના પપ્પા ય હજી ક્યાં સુધી ઘરમાં ને ઘરમાં જ પડ્યા ને પાથર્યા રહેશે ?' બોલી એ કોરોનાને ગાળો આપતી જ રહે છે.
- બે ઘડી કોક બેનપણિ કે મારાં ભાઈ બેનને ફોન કરીએ ત્તો એ ય એમને ના ગમે..!
- વળી ફોનમાં થતી વાત સાંભળીને પતિદેવ પૂછ પૂછ કર્યા કરે કે કોનો ફોન છે ? કોનો ફોન છે ?'
- શી વાત હતી ? શું કહેતી હતી ? કોને બોલાવે છે ? ક્યાં જવાનું છે ? હું નહિ આવું હોં..તારે જવું હોય તો જજે એકલી...

હું આ કોરોના કાળમાં બહાર નીકળવા માગતો જ નથી હોં...'

લગભગ દરેક ઘરમાં કોરોનાએ નવા નવા અનેક પ્રશ્નો ઉભા કરી દીધા છે. એટલે હવે તો સૌના મનમાં એક જ પ્રાર્થના છે કોરોના પ્લીઝ ગો ફ્રોમ અવર હોમ (પૃથ્વી) ફોર એવર....

9898409053
anantpatel135@yahoo.com)

# હંમેશા મૌલિકતા મેદાન મારી જતી હોય છે!



**આરપાર**

રાઘવજી માધડ

જે તે સમયે, શાળા પાઠ્યપુસ્તક નિર્માણની પ્રક્રિયા વેળા સૂચના મળી: ભાષાના પુસ્તકોમાં પણ બહુ વૈકલ્પિક (M.C.Q.) પ્રશ્નો મૂકો ! ત્યારે પ્રતિક્રિયા હતી: ભાષામાં આવા પ્રશ્નો મૂકવાથી વિદ્યાર્થિની મૌલિકતા અને સર્જનાત્મકતાનો વિકાસ રૂંધાશે. પણ સત્તા સામે શાણપણ નકામું નીવડતું આવ્યું છે.સત્તાસ્થાનેથી તર્ક હતો, વિદ્યાર્થી ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થાયતે માટે આવા પ્રશ્નો પુસ્તકમાં મૂકો !પણ ભારતનું ભાવિ કોઈનું હરીફ, પ્રતિસ્પર્ધી બનેએવું શીખવવાનું કામ શિક્ષણનું નથી.. પણ આવું સમજે, સમજાવે કોણ !?

આજે ઘણાં ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા, હરીફાઈ ચાલે છે. દરેકને જીત મેળવી આગળ નીકળી જવું છે. સ્પર્ધામાં મારી,પછાડી દેવાનું હોતું નથી.પણ તેમાં કોઈની લીટી ભૂંસવાના બદલે પોતાની લીટી મોટી કર વાની હોય છે.આટલું સૌને સ્વીકાર્ય બને તો વાલી અને વિદ્યાર્થીઓને તાણ, તણાવમાંથી મુક્તિ મળે !

જિંદગી ડગલે ને પગલે માણસની કસોટી લેતી હોય છે. તેમાં કયારેક એક રીત ખોટીને જિંદગીનો આખો દાખલો ખોટો પડે! હાલના સંજોગોમાં પ્રગતિનો પંથ સ્પર્ધાની છાતી પરથી પસાર થઈ રહ્યો છે. નોકરી માટેની પરીક્ષાને લાગેવળગે છે ત્યાં, જિંદગીના ઘણાં પ્રશ્નો કોર્ષ બહારના હોય છે છતાંય સમજીને અપેક્ષિત જવાબ આપી આગળ વધવાનું હોય છે. તક તો માત્ર બારણું ખખડાવે, દ્વાર તો જાતે જ ખોલવા પડે !

બે પરીક્ષાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કરતા હતા. એકનું કહેવું હતું: 'એક પ્રશ્ન અટપટો,ન સમજાય એવો હતો.' પછી કહે : 'આવા પ્રશ્નો પૂછવા ન જોઈએ.' હા, એવું થાય કે પ્રશ્નો તો સમજાય એવા પૂછવા જોઈએ.

પણ વરસોના અનુભવે ખબર પડી છે, ઘણાં પરીક્ષાર્થી પ્રશ્નને પૂરો સમજવાનો પ્રયાસ કરતા નથી. તેથી અપેક્ષિત જવાબના બદલે કાંઈક જુદો અથવા ભળતો જવાબ લખી નાખતા હોય છે. પછી ફરિયાદ કરે, પેપર તપાસનારા બરાબર નથી. મેં ઘણું લખ્યું હતુ પણ પૂરતા ગુણ ન આપ્યા.પણ પ્રશ્ન શું હતો ને તમે જવાબ શું આપ્યો છે...ગુણ આપવા માટે લખ્યો હોય તે જવાબ અગત્યનો બને છે.તેથી કોઈના અવ ગુણ જોવાના બદલે સમજી, વિચારી...જગ્યાની મર્યાદામાં મુદ્દાસર જવાબ લખો, જે ગુણપાત્ર બને.

ઘણાં સ્પર્ધકના લખાણમાં એવું જોવા મળે, પ્રશ્ન પૂછાયો હોય તેના અપેક્ષિત જવાબના બદલે, પોતા ને જે આવડતું હોય તે લખી નાખ્યું હોય.આપણા પાસે હોય તે નહી,પણ માગ્યું હોય તે આપવાનું છે ! ગોધરા જાવા નીકળેલી ગાડી ગાંધીનગર આવીને ઉભી રહે તે કેમ ચાલે ? વળી કોઈ તો અદ્ધકચરું આવડતું હોય તે છૂપાવવા લખવામાં ગડબડ ગોટો ને પ્રભુ મોટો એવું કરી નાખે...આખરી ગુણ આપતા પૂર્વે લેખન-અભિવ્યક્તિને પણ નજરમાં લેવી જરૂરી બને છે. તેમાં ઈલેકશન નહીં પણ સિલેકશન કરવાનું હોય છે.

-પ્રશ્ન જ સંદિગ્ધ હતો.સમજાય એવો જ નહોતો... આવું કહેનારા જરાય ખોટા હોતા નથી.દરેક પ્રશ્નનો પોતીકો અર્થ ને સંદર્ભ હોય છે. ઘણાં પ્રશ્નો સ્પર્ધકની સમજ ચકાસવા માટે હોય.સ્પર્ધક ખરેખર શું સમજયો છે,તે જોવા માટે હોય.પ્રશ્નની સંરચનાના પાયામાં જ્ઞાન,સમજ, કૌશલ અને ઉપયોજન તપાસવાનું રહેલું હોય છે. ક્યારેક જવાબ સહેલો હોય પણ પ્રશ્ન બનાવવો એટલો જ અઘરો હોય.તેથી પ્રશ્નનો જવાબ લખતા પૂર્વે પ્રશ્ન પૂર્ણ સમજવો જરૂરી બને છે.જવાબમાં અસત્યના પાનાંઓ કરતા સત્યનો ફકરો અગત્યનો હોય.

માણસને ચકાસવો કે સમજવો ખુદ માણસ માટે પણ કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી જે તે નોકરીની જગ્યા પર,અઠ્ઠાવન વરસ સુધી કામ કરવાનો, સેવા આપવાનો છે તે જોવું પડે.

મૂળ સવાલતો નાગના જેમ ફેણ ડોલાવતો સામે જ બેઠો છે:વાંચ્યું હતું તે પૂછાયું નહીં અને જે પૂછાયું તેવાંચવામાં આવ્યું નહોતું...લ્યો આપો આનો જવાબ ! હા,જવાબ અઘરો જરૂર છે પણ અશક્ય નથી.

વ્યક્તિનું વિશાળ વાંચન સમજની એક કક્ષા સુધી લઈ જાય છે.આ સમજ જો વિકસી હોય તો તમે તેનો મૌલિક જવાબ આપી શકે.મીતાક્ષરી જવાબમાં પણ હંમેશા મૌલિકતા જ મેદાન મારી જતી હોય છે.

**છેલ્લે :**

શ્વાસની દવા થઈ શકે, વિશ્વાસની નહીં...

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# અબ હોગા 'ખેલા'!



**રજવાડાપાટ**

અજય ઉપાધ્યાય

વર્ષ ૨૦૦૯ : સતત ૩૨ વર્ષથી સત્તા પર રહેલ સીપીએમ ને ભ્રષ્ટાચાર અને રાજ્યમાં નહિવત ઉધ્યોગિકરણ જેવી મૂળભૂત સમસ્યાઓને લીધે એના જ પક્ષના લોકો એક પછી એક છોડવા માંડેલા. ડીટ્ટો એવો જ કાઈક સીન ૨૦૨૧ માં મમતા સરકાર સાથે થઈ રહ્યો છે. ટીએમસી ના એક પછી એક કદાવર નેતાઓ મમતાનો સાથ છોડી રહ્યા છે, જો કે આ સાથ છોડવાની પ્રક્રિયા તો ક્યારની શરૂ થઈ ચૂકી છે અને હવે તો રોજ ઊઠીને મમતાના કોઈ ને કોઈ પ્રધાનો, વિધાનસભ્યો પાર્ટીનો સાથ છોડી રહ્યા છે અને મોટાભાગના જઈ રહ્યા છે ભાજપના શરણે...!!! મમતા સ્વભાવગત આગબબૂલા થઈ ગઈ છે....ક્રોધિત થઈ ગઈ છે...બેબાકળી થઈ ગઈ છે પણ મુશ્કેલીઓ સામે હાર ના માનવી અને સંઘર્ષ કરતો રહેવો એ પણ મમતાનો એક સ્વભાવ જ છે એટ્લે મમતા જીતવા માટે જી-જાન લગાવી રહી છે – લીટરલી...!!!

૨૦૧૧માં જે ભ્રષ્ટાચારનું શસ્ત્ર વાપરીને મમતા આવેલી એ જ શસ્ત્ર હવે તેના તરફ તકાયું છે. મમતા સરકારમાં એના ભત્રીજા અભિષેક બેનર્જીની દખલ મોટા ગજાના નેતાઓને પાર્ટી છોડવા માટેનું કારણ બની ગયું છે. કહેવાય છે કે અભિષેક જ સરકાર ચલાવે છે. એમએલએ અને પ્રધાનોને પોતાના વિસ્તારના કામો કરાવતા નાકે દમ આવતો હતો એટલું જ નહીં પણ મમતા સરકારમાં એક આખી કોન્ટ્રાક્ટ કમિશન ગેંગ કાર્યરત હતી અને જેને લીધે અમાપ ભ્રષ્ટાચારની ફરિયાદો વધી રહી હતી. મમતા આજે પણ લોકોમાં લોકપ્રિય છે અને એની લોકપ્રિયતા બધાથી ઉપર છે એની ના નહીં પણ મમતા એ ટીએમસી છે એવું હવે નથી રહ્યું. કદાચ મમતાની છબી હજુ સારી હોય શકે પણ એ પણ હકીકત છે કે મમતાની પાર્ટીની છાપ બંગાળની જનતામાં હવે તળિયા તરફ જઈ રહી છે કદાચ એટ્લે જ નંદીગ્રામમાં પોતાની ઉમેદવારી નોંધાવ્યા બાદ મમતાએ ખુદે રેલીમાં જનતાને યાદ કરાવવું પડેલું કે મે તમારા માટે કેટલો ભોગ આપેલો છે. જો કે એ જ નદીગ્રામમાં મમતા કથિત હુમલાનો ભોગ બની અને લોકોની સહાનુભૂતિ મેળવવાનો મોકો ઝડપી લીધો પણ એ સહાનુભૂતિ કેટલી મળી છે એ તો ચૂંટણીનાં પરિણામો બતાવશે.

'માં, માટી અને માનુષ ' ના નારા સાથે સત્તા પર આવેલ મમતાએ નો ડાઉટ સીપીએમના બખેડાવાળા શાશનમાથી બંગાળને ઊભું કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. શરૂઆતમાં બ્યુરોક્રેસીને કંટ્રોલ કરીને અને કેન્દ્રમાં પોતાનું સ્થાન બનાવીને બંગાળમાં ઉદ્યોગો લાવવામાં અને લોકોને ઉપયોગી સારી સારી યોજનાઓ લાગુ કરવામાં પોતાનો ખાસ્સો સમય વિતાવ્યો છે એટલું જ નહીં પણ એ યોજનાઓ




અને વિકાસના કામો લાગુ પણ કર્યા છે પરંતુ મમતાને નેશનલ લીડર થવાની એની પોતાની ઘેલછા ક્યાક ને ક્યાક બંગાળમાં એની પાર્ટી પરની લીડરશિપમાં આડે આવી છે એટલું જ નહીં પણ ૨૦૧૯માં ભાજપને લોકસભામાં મળેલી ૧૮ સીટોએ મમતાની બંગાળ પર પકડ ઢીલી પડી છે એવું પ્રથમવાર રાજકીય સ્તરે નોંધવામાં આવ્યું અને કદાચ ત્યારથી જ મમતાની વિધાનસભા ચૂંટણીઓની મુશ્કેલી શરૂ થઈ ગઈ. સાથે સાથે મમતાનો એગ્રેસિવ સ્વભાવ અને દિવસે દિવસે વધી રહેલા અહંકારે એની છબી બગાડવામાં અને ભાજપને બંગાળ કબ્જે કરવાની ઈચ્છા મજબૂત કરવામાં ભાગ ભજવ્યો.

૨૦૧૯માં બંગાળમાં ભાજપના વધી રહેલા પ્રભાવ અને ટીએમસીના પગ નીચેથી જમીન ખસવાની બીકે રાજયમાં લોહિયાળ ઘટનાઓને અંજામ આપવાનું શરૂ કર્યુ. બંગાળમાં લીટરલી ટીએમસી કાર્યકરોની સરકારના સાથ સાથેની દાદાગીરી શરૂ થઈ. હારથી ગિન્નાએલિ મમતા ભાજપના લોકોને ટાર્ગેટ બનાવટી રહી અને આ જ તકનો લાભ ભાજપે ઉઠાવ્યો. જો કે ૨૦૧૯માં ૧૮ સીટો મળી એ પહેલા જ ભાજપે મમતાને ભીડવવાના પ્લાન ચાલુ કરી દીધેલાં. ભાજપના રાષ્ટ્રીય કક્ષાના નેતાઓએ એક પછી એક બંગાળની યાત્રાઓ શરૂ કરી દીધી. બંગાળમાં મમતા વિરુધ્ધ વાતાવરણ ક્રિએટ કરવામાં સફળ રહ્યા પછી મમતાના અસંતુષ્ટ નેતાઓને ભાજપ પોતાનામાં ખેચવામાં સફળ રહ્યું અને એ પણ જેવા તેવા નેતાઓ નહીં પણ મમતાના આંખ-કાન-હાથ કહી શકાય એવા સૂવેંદુ, મુકુલ રોય, સૌમિત્ર રોય, અનુપન હાજરા અને અસંખ્ય નેતાઓએ ભાજપનું શરણ લીધું છે. મમતા મૂળે આંદોલનકારી રાજનીતિની વ્યક્તિ છે. એના દરેક પગલામાં વિરોધ કે વટની વાત આવે છે. બીજેપીને રથયાત્રાની પરમીશન ના આપી હોય કે પછી ૨૦૧૮માં બીજેપી નેતાઓનું હેલિકોપ્ટર ના ઉતરવા દેવાનું ફરમાન હોય કે પછી બીજેપીને રેલી ના કરવા દેવાની વાત હોય, મમતાના આ આંદોલનકારી પગલાઓનો બીજેપી લાભ લેતું ગયું અને આજે સીનારિયો એ છે કે એ જ બંગાળમાં ખુદ મમતાને લોકોને યાદ કરાવવું પડે છે કે મે તમારા માટે શું શું કર્યુ છે ? બંગાળની લડાઈ હવે ' બંગાળ કી બેટી ' વિરુધ્ધ ' બહારી ' બની ગઈ છે. અસલમા ભાજપની ચાલમાં મમતા સામે ચાલીને ફસાઈ ચૂકી છે. એક તો ભાજપે લગભગ છેલ્લા ૩-૪ વર્ષથી સતત મમતાને નિશાન બનાવીને અને છાસવારે બંગાળમાં જઈ જઈને મમતાને મોટાભાગે ભાજપના હુમલા કેમ ખાળવા એમાં જ એંગેજ કરી રાખી છે જેને લીધે મમતાનું ધ્યાન પાર્ટી, લોકો અને સંગઠન તરફ ઓછું થઈ ગયું. ભત્રીજાથી નારાજ મોટા અને નાના નેતાઓને સાંભળવાનો સમય જ મમતા પાસે રહ્યો નહીં. ઉપરથી ભાજપે ચોપાંખીયો અને આક્રમક પ્રચાર શરૂ કરી દીધો. મમતાના જ નેતાઓને સમાવીને ' બાંગ્લા અસ્મિતા ' ફરીથી પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ અને વચનો આપી દીધા છે. બે જગ્યાએથી ચૂંટણી લડવાનું એલાન કરી ચૂકેલી મમતા શુવેન્દુના લલકારમાં આવીને હવે માત્ર નંદીગ્રામ પરથી એ જ શુવેન્દુ સામે ચૂંટણી લડશે.

બંગાળ પર પૂરા દેશની નજર છે પણ એમ ના સમજતા કે મમતા આસાનીથી હાર માની લેશે, એ એના લોહીમાં જ નથી. હિન્દુ કાર્ડ રમી રહેલા ભાજપ સામે મમતાએ પણ એ જ કાર્ડ ઉતાર્યું છે. એક સમયે દુર્ગાપૂજાની અનુમતિ ના આપનાર અને જય શ્રી રામ ના નારા પર અભદ્ર ટિપ્પણી કરનાર મમતા ખુદ હવે ' હું પણ હિન્દુ છે ' જેવા હિંદુવાદી નિવેદનો આપતી થઈ ગઈ છે, આ ઉપરાંત પોતે ટીએમસીના સ્ટ્રોંગ હોલ્ડ પર મુસ્તાક છે તો મુસ્લિમો ભાજપને મત નહીં આપે એના પર પણ આસ્વસ્ત છે જો કે બીજેપીના હિન્દુ કાર્ડને ખાળવા મમતાએ ગયા વખતના ૫૭ ની બદલે આ વખતે માત્ર ૪૨ જ મુસ્લિમોને ટિકિટ આપી છે. યાદ રહે બંગાળમાં આસામ પછી સૌથી વધુ લગભગ ૨૭%,મુસ્લિમો છે. જો કે બીજેપીનું માનવું છે કે રોહિંગ્યાં અને ઘૂસ્પેઠિયાઓમા મમતાની લોકપ્રિયતા ઓછી થઈ છે એટલું જ નહીં પણ મુસ્લિમ બહુમતિવાળી ૬૫ સીટો પર ઓવેસી ભાગ પડાવશે જ. બે થી અઢી કરોડ મતદાતાવાળા મોતુઆ સમુદાયને પોતાના તરફ ખેચવા બંને પાર્ટી જોર લગાવી રહી છે. આ સિવાય ભાજપ હિન્દુ મતો અને બંગાળી મુસ્લિમોના મત પોતાને મળશે એવો વિશ્વાસ રાખે છે અને લટકામાં મોદી કરિશ્મા તો છે જ. માત્ર બે પાર્ટીની લડાઈ બની ગયેલ બંગાળના આ મહાજંગમાં ક્યાય પણ કોંગ્રેસ કે લેફ્ટનો તો ઉલ્લેખ પણ નથી થતો. મમતા એમ આસાનીથી હાર માને એવી વ્યક્તિ છે નહીં અને ગઈ વિધાનસભામાં ૩ સીટો જીતેલા ભાજપે ૨૦૦ સીટો લાવવાની ઈચ્છા તો રાખી છે પણ ૧૦ વર્ષથી પગ જમાવી ચૂકેલા દીદી એમ રાહ આસાન નહીં થવા દે અને જો એમ થશે તો કદાચ ભારતીય રાજકારણનો આ સૌથી મોટો ઊલટફેર કહેવાશે.

akurjt@gmail.com